RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 191, Dt.26-10-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાન પર ભીષણ હવાઈ હુમલા કરતુ ઈઝરાયેલ

## મધરાતે ઈઝરાયેલનુ આકાશ લડાયક વિમાનોની ઘરરાટી અને સાયરનથી ગાજી ઉઠયું: ફકત ઈરાનના લશ્કરી મથકોને જ નિશાન બનાવાયા

**મુખ્ય સમાચાર, તેલઅવિવ**

અત્યાર સુધી ઈઝરાયેલ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ અને હમાસ વિરુદ્ધ યુદ્ધ કરી રહ્યું હતું પરંતુ હવે ઈઝરાયેલે ઈરાન પર સીધો હુમલો કર્યો છે.ઈઝરાયલે બદલો લેવા આજે વહેલી સવારે ઈરાન પર ભયાનક હુમલો કરીને વળતો જવાબ આપ્યો હતો. તહેરાન અને આસપાસના વિસ્તારોમાં ભીષણ ધડાકા ભડાકાથી ધણધણી ઉઠ્યા હતા. ઈઝરાયેલે દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલના સૈન્ય મથકો પર હુમલો કર્યો છે. ઈઝરાયેલે કહ્યું છે કે આ હુમલો ઈરાન અને તેના સહયોગી દેશો દ્વારા કરવામાં આવી રહેલા હુમલાનો જવાબ છે. ઈરાન ઉપર આક્રમણ કરવા ઈઝરાયલે ૧૦૦ થી વધુ ફાઈટર યુદ્ધ વિમાનનો ઉપયોગ કર્યો હતો. ઈરાન પણ વળતા હુમલાની તૈયારીમાં છે. ઈઝરાયલના પગલાથી સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે.

ઈઝરાયેલી સેનાએ હુમલાના અનેક વીડિયો જાહેર કર્યા છે. આમાંથી એક વીડિયો ઈઝરાયેલ એરફોર્સના કમાન્ડ સેન્ટરનો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે આ કમાન્ડ સેન્ટરમાં સૈન્ય અધિકારીઓ ઈરાન પર હુમલા માટે કઈ રીતે નિર્દેશ આપી રહ્યા છે. ઈઉઋ દ્વારા બહાર પાડવામાં આવેલ એક વિડિયોમાં ઈઝરાયેલી ચીફ ઓફ ધ જનરલ સ્ટાફ હરઝી હલેવી કેમ્પ રાબિન (કિરિયા) ખાતે ઈઝરાયેલી એરફોર્સના ભૂગર્ભ કેન્દ્રમાંથી ઈરાન પર હુમલાની કમાન્ડ આપતા બતાવે છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે પણ ઈરાન પર હુમલાની પુષ્ટિ કરી છે. એક નિવેદનમાં IDF એ કહ્યું કે તે ઈરાની સૈન્ય લક્ષ્યો પર ચોક્કસ હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયેલે કહ્યું કે આ ઈરાન તરફથી મહિનાઓથી સતત થઈ રહેલા હુમલાનો જવાબ છે. વાસ્તવમાં ઈરાને ઈઝરાયેલ પર ૧ ઓક્ટોબરે હુમલો કર્યો હતો.

ફોકસ ન્યૂઝના રિપોર્ટ અનુસાર, ઈઝરાયેલે હુમલાના થોડા



સમય પહેલા જ અમેરિકાને જાણ કરી હતી.. અમેરિકાએ કહ્યું કે ઈઝરાયેલને સ્વરક્ષણનો અધિકાર છે. સીએનએનના અહેવાલ મુજબ, બિડેન પ્રશાસનના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમેરિકા આ હુમલામાં સામેલ નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયેલની સેના સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું છે કે તે ઈરાનના પરમાણુ કે ઓઈલ ફેસિલિટી પર હુમલો નથી કરી રહી. તેનું ધ્યાન ઈરાનના લશ્કરી લક્ષ્યો છે. અમેરિકા સતત ઈઝરાયેલને ઈરાનના ઓઈલ કે ન્યુક્લિયર ફેસિલિટી પર હુમલો ન કરવા માટે કહી રહ્યું છે. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે આનાથી ખાડીમાં મોટા પાયે યુદ્ધ થઈ શકે છે. એટલું જ નહીં સમગ્ર વિશ્વમાં તેલની કિંમતોમાં વધારો જોવા મળી શકે છે.

ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયના જણાવ્યા અનુસાર, શનિવારે જ્યારે હુમલો શરૂ થયો ત્યારે તેઓ તેલ અવીવમાં કિરિયા લશ્કરી મથકના બંકરમાં હતા. નેતન્યાહુના કાર્યાલય દ્વારા શેર કરાયેલ ફોટામાં, ઈઝરાયેલના પીએમ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ અને અન્ય લશ્કરી અધિકારીઓની બાજુમાં બેઠેલા જોઈ શકાય છે. હુમલા બાદ ઈરાને તેની એર સ્પેસ બંધ કરી દીધી છે.આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે પણ એક ફોટો જાહેર કર્યો છે. આ ફોટોમાં તે એક બંકરમાં રક્ષા મંત્રી અને આઈડીએફ જનરલો સાથે મુલાકાત કરી રહ્યો છે. આ બંકર તેલ અવીવમાં કિર્યા મિલિટરી બેઝનું હોવાનું કહેવાય છે. ઈરાન પર હુમલા બાદ તરત જ આ તસવીર સામે આવી છે.

ઈરાન પર ઈઝરાયેલના હુમલા બાદ ઈરાકમાં પણ તેનો ડર જોવા મળી રહ્યો છે. ઈરાકના પરિવહન મંત્રાલયે આગામી આદેશો સુધી દેશના તમામ એરપોર્ટ પર હવાઈ ટ્રાફિકને સ્થગિત કરવાની જાહેરાત કરી છે. અગાઉ, લેબનીઝ ન્યૂઝ આઉટલેટ અલ-મયાદીને કહ્યું હતું કે ઈરાકમાં તેના સંવાદદાતાએ દિયાલા અને સલાહ અલ-દિન પ્રાંતની બહારના વિસ્તારમાં વિસ્ફોટોની જાણ કરી હતી. તાજેતરના કલાકોમાં ઈરાનમાં ઈઝરાયેલી સૈન્ય દ્વારા કરવામાં આવેલા હુમલાને પગલે ઈરાની અને ઈઝરાયેલી સત્તાવાળાઓએ પણ પોતપોતાની હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધી છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે અમરેલી જિલ્લામાં ૪૮૦૦ કરોડનાં કામો નું કરશે લોકાર્પણ-ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓકટોબરના રોજ ગુજરાત આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી જિલ્લા ખાતે૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ૩૫



કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહુર્ત અને ૫૯૦ કામોનું લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાન ૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી આફ ઈન્ડિયા (દજબય) નાવિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. વધુમાં૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેકટનું પણ લોકાર્પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓકટોબરે અમરેલી જિલ્લા ખાતેથી ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહુર્ત અને૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે.

## દિવાળી ટાણે જ શેરબજારમાં કોહરામ: એક માસમાં સેન્સેકસમાં ૬૪૩૪ પોઈન્ટનું ગાબડુ

### ૨૬ સપ્ટેમ્બરે સેન્સેકસ ૮૫૮૩૬ ની સર્વાધિક ઉંચાઈએ હતો, વિદેશી સંસ્થાઓની વેચવાલી; નબળા કોર્પોરેટ પરિણામોની અસર

**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજાર લાંબાગાળાની રેકોર્ડબ્રેક તેજી બાદ હવે મંદીમાં ઘેરાયુ હોય તેમ સેન્સેકસ-નિફટીમાં રોજેરોજ ઘટાડો થઈ રહ્યો છે. ઈન્વેસ્ટરો માટે દિવાળી જ ખરાબ બની રહ્યાનો માહોલ સર્જાયો છે.છેલ્લા એક મહિનામાં જ સેન્સેકસમાં ૬૦૦૦ પોઈન્ટનો કડાકો સર્જાઈ ગયો છે તેના પરથી જ હાલતનો અંદાજ આવી જાય છે.

શેરબજાર લાંબો વખત રેકોર્ડબ્રેક તેજીમાં રહ્યું હતું અને ત્યારે કરેકશન જરૂરી વાતાવરણમાં આવતુ જ હતું તેવા સમયે એકથી વધુ નેગેટીવ કારણો આવતા માર્કેટ મંદીમાં ઉતરવા લાગ્યુ હતું. ઈઝરાયેલ-લેબનોન ઈરાન વચ્ચેના યુદ્ધનો પ્રત્યાઘાત પડયો હતો. ચીને અર્થતંત્રને ટીકઠાક કરવા તથાવિદેશી રોકાણ આકર્ષવા રાહત પેકેજ જાહેર કર્યું હતું.એટલે ભારતમાંથી વિદેશી સંસ્થાઓએ રોકાણ પાછુ ખેચવાનું શરૂ કરી દીધુ હતું. ચાલૂ માસમાં જ એક લાખ કરોડની વેચવાલી રહી હતી. આ સિવાય બીજા ત્રિમાસીક ગાળાનાં કોર્પોરેટ પરિણામો અપેક્ષીત ન આવ્યાની પણ અસર હતી.

શેર બ્રોકરોનાં કહેવા પ્રમાણે વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલીએ માનસ ખરડાવ્યુ છે. નબળા કોર્પોરેટ પરિણામ તથા ગાઈડન્સથી વાતાવરણ વધુ ડહોળાયુ છે. વિશ્વ સ્તરે ભૌગોલીક ટેન્શન તથા ક્રુડ સહિતની કોમોડીટીમાં ઉથલપાથલે પણ મંદીમાં ભાગ ભજવ્યો છે.

અમેરીકી ચૂંટણી તથા ફેડરલ રીઝર્વની બેઠક પર મીટ છે. ચાર્ટ-ટેકનીકલ દ્રષ્ટિએ નીફટી માટે ૨૪૦૦૦ નું લેવલ અગત્યનુ છે.જે તૂટતા વધુ ખરાબી આવી શકે છે. ઉપરમાં ૨૪૫૦૦ ની સપાટી પ્રતિકારક છે.

વિદેશી નાણા સંસ્થાઓએ એકાદ લાખ કરોડનૂં વેચાણ કરવા સામે ભારતીય ફંડોએ ૧.૧ લાખ કરોડની ખરીદી કરીને અસર ઘણા અંશે સરભર કરી દીધી છે. તો તેનાથી મંદી અટકી શકી નથી.શેરબજારના ઈન્ડેક્સ પર નજર કરવામાં આવે તો છેલ્લા એક માસમાં ૬૦૦૦ પોઈન્ટથી વધુ તૂટયો છે. ૨૬ સપ્ટેમ્બરે ૮૫૮૩૬ ની સર્વાધિક ઉંચાઈએ સેન્સેકસ હતો તે એક માસમાં ૬૪૩૪ પોઈન્ટ તૂટયો છે. ભારતીય બજારમાં ઘટાડો ક્યારે અટકશે- મધુસૂદન કેલા કહે છે કે માર્કેટમાં ભારે ઉછાળા પછી પ્રોફિટ બુકિંગ થઈ રહ્યું છે. એટલા માટે તમારે અત્યારે રોકાણ કરતી વખતે ખૂબ



કાળજી રાખવી પડશે.શું ઓક્ટોબર પછી નવેમ્બર અને ડિસેમ્બરમાં પણ શેરબજાર ઘટશે?- આના જવાબમાં મધુસૂદન કેલા કહે છે કે વિદેશી રોકાણકારો વેચાવલી કરી રહ્યા છે. તેઓ ભારત જેવા ઉભરતા બજારોમાંથી પૈસા ઉપાડી રહ્યા છે અને ચીનમાં રોકાણ કરી રહ્યા છે.

તેની પાછળનું મુખ્ય કારણ ચીનના બજારો સસ્તા છે. પરંતુ તેમનું કહેવું છે કે નવેમ્બર અને ડિસેમ્બરમાં ઋઈઈ દ્વારા વેચાવલીની કોઈ શક્યતા નથી. આઈપીઓ પર તેમણે કહ્યું કે નવી કંપનીઓ આઈપીઓ લઈને આવી રહી છે, તેથી ત્યાં પૈસા પણ રિસાયકલ કરવામાં આવી રહ્યા છે.

## નોન - ટીપી વિસ્તારોમાં કપાતની જમીન પર પ્રીમીયમ ભરવામાંથી મુક્તિ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૮ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.


તદનુસાર, ડી-૧ કેટેગરીમાં આવતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા), સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રુડા) ડી-૨ કેટેગરીમાં જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા), જામનગર શહેરી વિકાસ સત્તામંડળ (જાડા) અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળ (ભાડા)ના વિસ્તારો ઉપરાંત ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસુલ કરવામાં આવશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરો અને ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રિમિયમ ભરવું પડતું હતુ તેમાથી મુક્તિ મળશે અને માત્ર તેમની પાસે રહેનારા ૪૦ ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રિમિયમ ભરવાનું રહેશે.

આ પ્રજાલક્ષી નિર્ણયથી નોન ટી.પી. વિસ્તારમાં ૪૦ ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસુલી પ્રિમિયમની રકમમાંથી મુક્તિ મળવાના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના પરિવારોને મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી વિવિધ રજુઆતો આવી હતી કે રાજયમાં આ શહેરી વિકાસ સત્તામંડળોમા સમાવિષ્ટ વિસ્તારો પૈકી નગર રચના યોજના જાહેર ન થઈ હોય એવા નોન ટી.પી.માં સમાવિષ્ટ વિસ્તારોમાં ૪૦ ટકા જમીન કપાત કરીને પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટ ઈશ્યુ કરીને અંતિમ ખંડની ફાળવણી કરવામાં આવે છે.

આના પરિણામે કબ્જેદારને



અંતિમ ખંડ તરીકે ૬૦ ટકા અને સંબંધિત સત્તામંડળને ૪૦ ટકા જમીન કપાત પેટે સંપ્રાપ્ત થાય છે. આવા કિસ્સાઓમાં કબ્જેદાર પાસે બાકી રહેતી ૬૦ ટકા જમીન અથવા ખરેખર કપાત બાદ બાકી રહેતી જમીન માટે જ ખેતીથી ખેતી તેમજ ખેતીથી બિનખેતીનું પ્રિમિયમ વસુલ કરવું જોઈએ.

એટલું જ નહિ, જ્યાં ટી.પી. લાગુ થઈ હોય ત્યાં કપાત અને રાખવાપાત્ર જમીનનું ધોરણ ૪૦ ટકા અને ૬૦ ટકાનું છે એજ રીતે જ્યાં ડેવલપમેન્ટ પ્લાન-ડી.પી લાગુ થયો હોય ત્યાં પણ આ જ ધોરણ એટલે કે, ૪૦ ટકા અને ૬૦ ટકાનું રાખવુ જોઈએ.

## કમલાને ચીન બાળકની જેમ ડરાવશે : ટ્રમ્પ


### જો કમલા હેરિસ રાષ્ટ્રપતિ બની તો ચિનફિંગનો મુકાબલો નહિં કરી શકે : ચિનફિંગ તેની કેન્ડી છીનવી લેશે: પોસ્ટકાસ્ટ ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરીકાનાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરૂવારે કહ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરીસ વ્હાઈટ હાઉસ માટે ચૂંટાશે તો ચીનના નેતા તેની સાથે બાળકની જેમ વર્તાવ કરશે. એક પોસ્ટ કાસ્ટમાં જયારે ટ્રમ્પને પૂછવામાં આવ્યુ કે જો કોઈ રીતે કમલા જીતી જાય છે.

તો ચિનફિંગ (ચીનના રાષ્ટ્રપતિ) તેને સાથે કેવી રીતે વર્તશે? જેના પર ટ્રમ્પે કહ્યુ હતું. બિલકુલ એક બાળકની જેમ તે તેની પાસેથી બધી કન્ડી છીનવી લેશે. કમલાને ખબર જ નહિં પડે કે શું થઈ રહ્યું છે. ચીનફીંગ અને કમલા એવા લાગશે જેવા શતરંજનાં ગ્રાન્ડ માસ્ટરનો





એક શિખાઉ સાથે મુકાબલો થઈ રહ્યો હોય. ટ્રમ્પે અગાઉ પણ કમલા હેરીસ પર આવી ટિપ્પણી કરી ચુક્યા છે. તેઓ કમલા હેરીસને આળસુ, મંદબુધ્ધિ, બેવકુફ, મંદબુદ્ધિ નશેડી કહી ચુક્યા છે. ટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં ઈન્કમટેક્સને પુરેપુરો ખતમ કરી દેવાની વાત પણ કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં ૧૯ મી સદીની આર્થિક નીતિઓ પાછી ફરી શકે છે. ત્યારે અમેરીકામાં ઈન્કમટેકસ નહોતો લાગતો. ટેરિફનું ચલણ તો ત્યારે પણ હતું.પરંતુ ઈન્કમટેકસ નહોતો આપણા દેશમાં એવા પણ લોકો છે. જેમની પાસે ટેકસ ચુકવવા પૈસા નથી બચ્યા. જોકે ટ્રમ્પે એ નહોતું બતાવ્યુ કે ઈન્કમ ટેકસ વિના કામ કેવી રીતે થશે.

## મહારાષ્ટ્રમાં સીટ વહેંચણી મુદ્દે રાહુલ ગાંધી નારાજ થઈ અધવચ્ચેથી બેઠક છોડી ચાલ્યા ગયા

### કોંગ્રેસની પકડ હેઠળ આવતી સીટો શિવસેના (યુબીટી) ને ફાળવી દેવાથી રાહુલ ગાંધી નારાજ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી મુદ્દે નારાજ હોવાની ચર્ચા છેડાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે દિલ્હી પાર્ટી હેડક્વાર્ટરમાં મળી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર,રાહુલ ગાંધી બેઠકમાંથી અધવચ્ચે જ નીકળી ગયા હતા. મહાવિકાસ અઘાડી (ખટઅ) સહયોગી શિવસેના (ઉદ્ધવ જૂથ)ને કોંગ્રેસ પાર્ટીની પકડ હેઠળની સીટો ફાળવી દેવાથી તે નારાજ હોવાની ચર્ચા છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં રાહુલ ગાંધીએ વિદર્ભ અને મુંબઈ જેવા વિસ્તારોમાં કોંગ્રેસની મજબૂત અને ખાસ કરીને અનામત બેઠકો શિવસેના (યુબીટી)ને આપવાના મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.

આ ઉપરાંત, તે એવા ઉમેદવારોના નામથી પણ નારાજ હતા જે સ્ક્રીનીંગ કમિટીએ સીઈસીને આપ્યા હતા. તેમણે કહ્યું કે, પઆ નામ રાજ્યના ઘણાં નેતાઓ પ્રત્યે પક્ષપાતની લાગણી પેદા કરે છે.

રાહુલ ગાંધીનું માનવું છે કે, મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ સીટ વહેંચણી



પર વાતચીત દરમિયાન તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી ન હતી. તેમણે નારાજગી વ્યક્ત કરી અને કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક અધવચ્ચે છોડી દીધી.

હાઈકમાન્ડે મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલાસાહેબ થોરાટને ખટઅ સાથી શરદ પવારની ગઈડ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે વિદર્ભ અને મુંબઈ બેઠકો અંગે વાતચીત કરવાની જવાબદારી સોંપી હતી.

## મહારાષ્ટ્રમાં ચૂંટણી પૂર્વે જ અધધધ.. રૂા.૧૩૯ કરોડનું સોનુ પકડાયું

**મુખ્ય સમાચાર,પુણે**

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં ચૂંટણી પંચની સ્ટેટિક સર્વેલન્સ ટીમએ ૧૩૯ કરોડ રૂપિયાનું સોનાનું કન્સાઈનમેન્ટ જપ્ત કર્યું હતું. લોજિસ્ટિક્સ સર્વિસ ફર્મના વાહનમાંથી આ સોનાનું કન્સાઈનમેન્ટ જપ્ત કરવામાં આવ્યું હતું. જોકે, પૂણેની એક જ્વેલર્સ ફર્મે દાવો કર્યો છે કે સોનાનું આ કન્સાઇનમેન્ટ કાયદેસર છે.

મહારાષ્ટ્રનાં પુણેમાં એસએસટી તૈનાત કરવામાં આવી છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સ્માર્તના પાટીલે જણાવ્યું હતું કે સહકારનગર વિસ્તારમાં સિક્વલ ગ્લોબલ પ્રેશિયસ લોજિસ્ટિક્સનો ટેમ્પો અચાનક બંધ થઈ ગયો હતો. તપાસ કરતાં જાણવા મળ્યું કે ટેમ્પોમાં રાખેલા બોક્સમાં દાગીનાં હતાં.આ ટેમ્પો મુંબઈથી આવ્યો હતો. આ પછી, આ મામલાની માહિતી આવકવેરા વિભાગ અને ચૂંટણી અધિકારીઓને આપવામાં આવી હતી. ટેમ્પોમાં મળી આવેલાં દાગીનાની કિંમત ૧૩૯ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.જ્વેલરી કંપની પીએન ગાડગિલ એન્ડ સન્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અમિત મોડકના જણાવ્યાં અનુસાર, જ્વેલરીનું આ કન્સાઈનમેન્ટ કાયદેસર છે. આ પુણેની વિવિધ સુવર્ણની દુકાનોમાંથી ઘરેણાં છે. જેમાં તેમની કંપનીનો ૧૦ કિલોનો સામાન પણ સામેલ છે. જીએસટી ઈન્વોઇસ પણ દરેક જ્વેલરી સાથે જોડાયેલ છે.અમિતે કહ્યું કે,



ટેમ્પો ડ્રાઈવરને પણ સોનાનાં આ કન્સાઈનમેન્ટની જાણ નથી. આ કન્સાઈનમેન્ટની ફક્ત મોકલનાર અને મેળવનારને જ ખબર છે માલસામાનમાં અમારી શાખાઓમાંથી મોકલવામાં આવેલાં જૂના સોનાનાં દાગીનાં પણ છે. આ ઉપરાંત લગભગ ૧.૫ કરોડની કિંમતનાં હીરાના ઘરેણાં પણ છે.૨૧ ઓક્ટોબરે પણ પુણે ગ્રામીણમાંથી ૫ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. પોલીસે મુંબઈ-બેંગલુરુ હાઈવે પર નાકાબંધી કરી દીધી હતી. દરમિયાન ઘેડ-શિવપુર નજીક કારમાંથી આ રોકડ રકમ કબજે કરવામાં આવી હતી.

આ કાર સતારા તરફ જઈ રહી હતી. કારમાં ચાર લોકો હતા. મહારાષ્ટ્રમાં ૧૫ ઓક્ટોબરથી આચાર સંહિતા લાગુ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ વિધાનસભા બેઠકો માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે.

# સુલતાનપુરમાં વેપારીની ૧૩ વિઘા જમીન પર પિતરાઈ ભાઈઓએ કબ્જો કરી લીધો

મુખ્ય સમાચાર,રાજકોટ

સુલતાનપુરમાં વેપારીની ૧૩ વિઘા જમીન પર પિતરાઈ ભાઈઓએ કબ્જો કરી લેતાં અંકલેશ્વરમાં ફર્નીચરનો વેપાર કરતાં ચંદુભાઇ હિરપરાએ ફરીયાદ નોંધાવતા સુલતાનપૂર પોલીસે બેલડી સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે હાલ અંકલેશ્વરમાં જી.આઇ.ડી.સી. આરડીએલ ૪૬/એક નવાદેરાસરની બાજુમાં રહેતાં ચંદુભાઈ વલ્લભભાઈ હીરપરા (ઉ.વ.૫૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હરેશ મેપા હિરપરા, પંકજ મેપા હિરપરા (રહે. બંને પ્લોટ વિસ્તાર, મચ્છુ આઈ ચોક, સુલતાનપુર) નું નામ આપતાં સુલતાનપુર પોલીસે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ વેપાર કરે છે. સુલતાનપુર ગામે સર્વે નં. ૧૭૮ ની જમીન આવેલ હોય જેમાં ખેતીકામ અન્ય લોકો દ્વારા કરાવી વહીવટ કરે છે. તેમના દાદા રાઘવભાઈ હીરપરાને ગોંડલના સુલતાનપુર ગામે સર્વે નં. ૧૧૫ પૈકીની ૧૫ એકર તથા સર્વે નંબર ૧૭૮ પૈકીની ૮ એકર ૭ ગુઠા જમીન આવેલ હતી.

તેમના પિતા ત્રણ ભાઈઓ હોય જેમા મોટાબાપુ ઠાકરશીભાઇને કોઇ સંતાન ન હતા અને મોટાબાપુ ઠાકરશીભાઈનું વર્ષ ૨૦૨૦ માં અવસાન છે. તેમના દાદાની જમીનનો ભાગ પડતા તેમના પિતાને સર્વે નં. ૧૧૫ પૈકીની હે.આર.ચોમી ૨-૦૨-૩૪ વાળી જગ્યા ભાગમાં આવેલ હતી. તેમના પિતાનું વર્ષ ૨૦૧૪ માં અને માતાનું વર્ષ ૨૦૨૧ માંઅવસાન થયેલ છે.ફરિયાદીએ વર્ષ ૧૯૮૫ થી સુલતાનપુર ગામ છોડી દીધેલ અને રાજકોટ, અમદાવાદ



અભ્યાસ અર્થે ગયેલ અને ત્યારબાદ અંકલેશ્વર નોકરીમા જોઈન્ટ થયેલ હતાં. ત્યારબાદ નોકરી છોડી ફર્નીચરનો છુટક વેપાર કરે છે. તેમના પિતાનું અવસાન થયાં બાદ વારસાઈમાં ભાઈ બહેનોના નામ દાખલ કરેલ. બહેનોએ રાજીખુશી થી હકક જતો કરતા જમીન તેમના એકલાના નામે છે. તેઓએ જમીનનો વહીવટ સંભાળેલ ત્યારે ખબર પડેલ કે તેમના પિતાના નામે સર્વે નં. ૧૧૫ પૈકી ૧ ની જમીન જે તેમના કાકા મેપાભાઇના દિકરા વાવેતર કરે છે. જેથી તે હરેશ તથા પંકજને જમીન આપવા બાબતની વાતચીત કરતા તેઓએ કહેલ કે, જમીન ખાલી કરવી નથી, જેથી વકીલ મારફતે નોટીસ આપેલ તેમ છતા ખાલી કરેલ નહી, બાદમાં લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ બન્ને પિતરાઈ હરેશ હીરપરા તથા પંકજ હીરપરા વિરૂધ્ધ કલેક્ટરમાં અરજી કરતા લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળની અરજીના તપાસના અંતે ગુનો દાખલ કરવાનો હુકમ કર્યો હતો.જે બાદ પણ તેઓ સુલતાનપુર ગામે આવેલ અને કુટુંબી ભાઈઓને જમીન મને સોંપી દયો તો મારે આગળ કાઈ કરવુ ન હોય જેથી સમાધાન ની વાત ચાલતી હતી પરંતુ બંને ભાઈઓ ફરિયાદીની જમીન પાછી આપવા માંગતા ન હોય જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સુલતાનપુર પોલીસે ગુનો નોંધી ડીવાયએસપી કે.જી.ઝાલાએ તપાસ હાથ ધરી હતી.

# મોરબીના ઘુંટુ ગામે એસીબીની સફળ ટ્રેપ:તલાટી મંત્રી અને સરપંચનો પતિ ૫૦ હજારની લાંચ લેતા આબાદ પકડાયા

■ બિનખેતી કરેલ પ્લોટ ઉપર બાંધકામની મંજૂરી પેટે માંગી હતી લાંચ

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીના ઘુંટુ ગામે બિનખેતી કરાયેલ પ્લોટમાં બાંધકામની મંજૂરી લેવા તલાટી મંત્રી અને સરપંચના પતિ દ્વારા રૂ.૫૦ હજારની લાંચની માંગણી કરાઈ હોવાની એક જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવતા મોરબી એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. જે દરમિયાન રૂ.૫૦ હજારની લાંચ લેતા બંને લાંચિયા આબાદ ઝડપાઇ ગયા હતા, ત્યારે બંને આરોપીઓને





સુપરવિઝન અધિકારીઓની હાજરીમાં મોરબી એસીબી પોલીસ મથક પીઆઇ દ્વારા રંગેહાથ પકડી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી તાલુકાના ઘુંટુ ગામે બીનખેતી થયેલ પ્લોટ આશરે ૪ વિઘાની જગ્યામાં લાકડાની પ્લેટ બનાવવાનુ યુનિટ ઉભુ કરવાનુ હોય જેથી આ જગ્યા ઉપર બાંધકામ કરવા માટે ઘુંટુ ગ્રામ પંચાયત પાસે મંજુરી મેળવવા માટે કાર્યવાહી કરતા આ કામના તલાટી કમ મંત્રી વિમલભાઈ સુંદરજીભાઈ ચંદ્રોલા તથા ઘુટુ ગામના સરપંચના પતિ દેવજીભાઈ હરખાભાઈ પરેચા બન્નેએ બાંધકામની મંજુરી આપવાની અવેજ પેટે ફરિયાદી પાસે રૂ.૫૦ હજારની ગેરકાયદેસર લાંચની માંગણી કરેલ હતી. જે લાંચના નાણા ફરિયાદી આપવા માંગતા ના હોય જેથી તેઓએ મોરબી એસીબીનો સંપર્ક કરી વિગતવાર ફરિયાદ નોંધાવતા જે ફરિયાદના આધારે મોરબી એસીબી પીઆઇ એમ.એમ.લાલીવાલા દ્વારા ઘુટુ ગ્રામ પંચાયતની કચેરી ખાતે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આ બન્ને આરોપીઓ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી તલાટી મંત્રીએ લાંચની રકમ સ્વીકારી બન્ને આરોપીઓ વિમલભાઈ સુંદરજીભાઈ ચંદ્રોલા તલાટી કમ મંત્રી નોકરી-ઘુંટુ ગામ મોરબી તથા ઘુટુ ગામના સરપંચના પતિ દેવજીભાઈ હરખાભાઈ પરેચા રહે.જનકપુર સોસાયટી ઘુટુ ગામ એકબીજાને મદદગારી કરી સ્થળ ઉપરથી આબાદ ઝડપાઈ ગયા હતા, આથી પકડાઇ પકડાઈ ગયેલ બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના નાના વડાળા, વિભાપર તથા મોટા ઈટાળા ગામે આયુર્વેદ દિવસ ૨૦૨૪ ની ઉજવણી કરાઈ



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર, નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગરના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાના વિભાપર દ્વારા મોહનનગર આવાસ, નાના વડાળા દ્વારા ડાંગરવાડા પ્રાથમિક શાળા તથા ધ્રોલ તાલુકાના મોટા ઈટાળા આયુર્વેદ દવાખાના દ્વારા રોજીયા ગામે પીએચસી સબ સેન્ટર ખાતે નસ્ત્રઆયુર્વેદ દિવસ ૨૦૨૪'સ્ત્ર ની ઉજવણી કરવામા આવી હતી જે નિમિત્તે આયુર્વેદ પદ્ધતિથી દર્દીઓનુ વિનામૂલ્યે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.કેમ્પમાં દર્દીઓના નિદાન સારવારની સાથે આયુષ પ્રચાર પ્રસાર અર્થે સ્વસ્થતા જાળવણી માટેની પત્રિકા વિતરણ, ઉકાળા વિતરણ તથા દિનચર્યા-ઋતુચર્યા અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતુ.તથા બાળકોની તપાસ કરી સારવાર અને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો.જે.પીસોનગરા દ્વારા તમામ લાભાર્થીઓની આયુર્વેદ પદ્ધતિથી સારવાર કરવામાં આવી હતી તથા ફિમેલ હેલ્થ વર્કર દ્વારા દરેક લાભાર્થીઓનું બ્લડપ્રેશર અને સુગર તપાસ કરી તે વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આયુર્વેદના પ્રચાર પ્રસાર અર્થે દરેક લાભાર્થીઓને સ્વસ્થવૃત, મિલેટ્સ તથા કુપોષણ વિશે સમજ આપતી પત્રિકાઓનું પણ આ તકે વિતરણ કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લા પોલીસ તંત્રનો દિવાળીના તહેવારો દરમિયાન સુરક્ષાને લઈને જાહેર જનતા જોગ સંદેશો

જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દિવાળીના તહેવારો દરમ્યાન કેટલીક સાવધાની રાખવા નાગરિકોને અપીલ કરવામાં આવે છે.આગામી દિવાળી વેકેશન દરમ્યાન નોકરીયાત વર્ગોએ વતનમાં જતા પહેલાં પોતાના ઘરમાં રાખેલ કિંમતી સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપીયા બેંકમાં- લોકરમાં રાખવા કે કોઈ સુરક્ષીત જગ્યાએ રાખ્યા બાદ જ વતનમાં જવું, તેમજ તમારા વિશ્વાસું પાડોશી અથવા સગાસંબંધીઓને જાણ કરવી તેમજ શક્ય હોય તો સી.સી.ટી.વી. કેમેરા.ચોકીદાર રાખવા.દિવાળીના તહેવાર દરમ્યાન પ્રવાસે જતી વખતે ઘરમાં રાખેલ કિંમતી સોના - ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા બેંકમાં કે અન્ય કોઈ સુરક્ષીત જગ્યાએ રાખીને જ જવુ.દિવાળી તહેવાર દરમ્યાન ફેક્ટરી વિસ્તારોમાં રજાનો માહોલ હોય, જેથી ફેક્ટરીની ઓફીસમાં કોઈ રોકડ રકમ કે અન્ય




કિંમતી સામાન રાખવો નહિ. તેમજ સિક્યુરિટી ગાર્ડ તથા સીસીટીવી કેમેરાની ખાસ ખાતરી કરી લેવી.જ્યારે તમે રોડ પરથી પસાર થાવ ત્યારે કોઇ અજાણી વ્યક્તિ તમારૂ વાહન ઉભું રાખવાનો ઈશારો કરે અથવા ગાડીમાં હવા ઓછી છે, કે ઓઈલ લીક થાય છે, તેવું કહીને ધ્યાન ભટકાવવાની કોશીશ કરે તો ખાસ એલર્ટ રહેવું.બેંક, જવેલરી શોપ કે આંગડીયા પેઢીમાં જતી વખતે અને પાછા ફરતી વખતે ખાસ ધ્યાન રાખો કે તમારો કોઈ પીછો કરતું ન હોય, અને જો કોઈ બાબત શંકાસ્પદ લાગે તો તાત્કાલીક પોલીસનો સંપર્ક કરો. સીસીટીવી ચાલુ હાલતમાં રહે તેની તકેદારી રાખો અને ડીવીઆર હિડન રાખવું, આઈ કોલ્ડ કે સેમસંગ કોલ્ડ માં બેકઅપ રાખવું, જેથી ડીવીઆર ને કંઈ થાય તો ફુટેજ મળી રહે. જવેલર્સ શો રૂમનાં માલિક કે સંચાલકે સોનાના ઘરેણા, હીરા કે પૈસા કે કોઈપણ જોખમ ક્રોસ વેરીફાઈ કર્યા વગર કોઈપણ માણસને આપવું કે મોકલાવું નહી. સાવધાન રહો, સુરક્ષિત રહો જામનગર જીલ્લા પોલીસ આપની સાથેજ અને આપના માટે છે.

# આસિસ્ટન્ટ વર્ક મેનેજર લાંચ લેતા ઝડપાયો



દ્વારકા આસિસ્ટન્ટ વર્ક મેનેજર લાંચ લેતા ઝડપાયો ભાણવડમાં સહાયની બાકી ચૂકવણી સંદર્ભે ૩,૫૦૦ રૂપિયાની લાંચ લેતા અઈઈએ રંગે હાથ ઝડપી લીધો.દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે સરકારની મનરેગા યોજનામાં બાકી ચુકવણી સંદર્ભ આસામી પાસેથી રૂપિયા ૩,૫૦૦ની લાંચ લેતા કરાર આધારિત આસિસ્ટન્ટ વર્ક મેનેજર ઝડપાઈ ગયો હતો.આ સમગ્ર પ્રકરણ અંગે સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ સરકારની રોજગાર અર્થની મનરેગા યોજનાની વિવિધ આશરે ૨૬૬ યોજનાઓ પૈકી વાઢીયું ઘાસની વાવણી કરવા માટે એક આસામી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સરકાર દ્વારા રૂપિયા ૨૩,૦૦૦ની રકમ મંજૂર કરાઈ હતી. જે પૈકી રૂ. ૧૪,૦૦૦ની રકમ અરજદારને મળી ગઈ હતી. જ્યારે બાકી રહેતા રૂ. ૯,૦૦૦ની ચુકવણી માટે અરજદાર પાસેથી ભાણવડ તાલુકા પંચાયતમાં આસિસ્ટન્ટ વર્ક મેનેજર કરાર આધારિત તરીકે કામ કરતા મિહિર વી. બારોટ દ્વારા રૂ. ૩,૫૦૦ ની માંગણી કરવામાં આવી હતી.લાંચની આ રકમ અરજદાર આપવા માંગતા ન હોવાથી તેમણે એન્ટી કરપ્શન બ્યુરો વિભાગનો સંપર્ક કર્યો હતો. જેને અનુલક્ષીને રાજકોટ એ.સી.બી. એકમના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના વડપણ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા એ.સી.બી. પી.આઈ. એસ.સી. શર્મા દ્વારા આ અંગે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં આજ રોજ સવારે ભાણવડમાં જકાતનાકા પાસે આવેલી દ્વારકાધીશ પાન નામની દુકાન નજીક આરોપી મિહિર બારોટને ફરિયાદી પાસેથી રૂ. ૩,૫૦૦ ની લાંચ લેતા ઝડપી લેવામાં આવ્યો હતો.આ બનાવે ભાણવડ સાથે જિલ્લાભરના સરકારી કર્મચારીઓમાં ભારે ચર્ચા જગાવી છે.

# માળિયા મી. માં બે પક્ષો વચ્ચે માથાકૂટમાં સામ સામે ફાયરિંગ, એકનું મોત



માળિયા મીયાણા ના વાગડીયા ઝાંપે બે પક્ષો વચ્ચે થયેલ માથાકૂટમાં ફાયરીંગ નો બનાવ બન્યો હતો જેમાં નમાજ પઢી લીધા બાદ યુવાનો વચ્ચે થયેલ બોલાચાલી એ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં યુવાનોના પરિવારજનો સામસામે આવી જતા સામે સામે પિસ્ટલ અને બાર બોર ની બંદૂક વડે ફાયરીંગ થતાં પાંચેક જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાં થી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થઈ જતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે હાલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. જેમાં માળિયા મીયાણા વાગડીયા ઝાંપા પાસે ફારુક હબિબભાઈ જામ,મોહિત હબિબભાઈ જામ કાશ્મ હબીબ ભાઈ જામ,હુસેન કાશમ ભાઈ જામ, જેડા ગુલામ અલી ભાઈ અને ઈસુંભ સબીભ સાધવાની સહિતના તેમજ બીજા જૂથના અલી મામદ ઉર્ફે અલિયો,હેદર અલી મામદ, શિરાજ, સિકંદર, હનીફ,અજર અલી માંમદ સહિત ના ઈસમો દ્વારા માથાકૂટ બાદ સામે સામે ફાયરીંગ કરતા પાંચ જેટલા લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં મોરબી ખાનગી હોસ્પિટલમાં આવ્યા છે તો સારવાર દરમિયાન હૈદર ઈલ્યાસ જેડા નામના વ્યક્તિને ગંભીર ઈજાઓ થતા મોત નીપજ્યું હતું આ સિવાય અન્ય ઈજાગ્રસ્તો ને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે આ બનાવ વધુ ઉગ્ર ના બને એ માટે પોલીસે ઘટનાસ્થળે અને હોસ્પિટલે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દિધો છે હાલ માળિયા મિયાણા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના પીપળીયા ગામ નજીક ટ્રક હડફેટે બાઈક ચાલક ખેતશ્રમિકનું મોત



મોરબીના પીપળીયા ગામ નજીક માર્ગ અકસ્માતના બનાવમાં ટ્રક ચાલકે પોતાનો ટ્રક બેફિકરાઈથી અને ગફલાતભરી રીતે ચલાવી રોડ ઉપર જઈ રહેલા હોન્ડા બાઇકને હડફેટે લેતા બાઇક સવાર ખેત-શ્રમિકને શરીરે તેમજ માથામાં ગંભીર ઇજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ મૂળ એમપી રાજ્યના વતની હાલ તાલુકાના મોડપર ગામે વાડી-ખેતરમાં કામ કરતા દીલીપભાઇ નથુભાઇ ડામોર ઉવ-૪૬એ તાલુકા પોલીસ મથકમાં આરોપી તરીકે ટ્રક રજી.નં. જીજે-૦૩-બીઝેડ-૮૨૫૪ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૨૪/૧૦ના રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ફરિયાદીનો ભાઈ સમરીયાભાઇ નથુભાઇ ડામોર ઉવ.૪૪ રહે.મોડપર મુ.રહે-(એમ.પી) વાળા પોતાનુ હોન્ડા નં- એમપી-૧૧-બીસી-૩૪૯૧ લઈને જતા હતા ત્યારે ઉપરોક્ત ટ્રકના ચાલકે પોતાના હવાલા વાળો ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઇકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં બાઇક ચાલક સમરીયાભાઈને મોઢાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ઉપરોક્ત ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે ટ્રક ચાલક આરોપી સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# ગીર સોમનાથમાં સારી કામગીરી કરનાર એસ ઓજી બ્રાન્ચમાં ફરજ નિભાવતા ASI ઈબ્રાહીમશા બાનવાને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના



ગીર સોમનાથ પોલીસ વડા દ્વારા અજઈ ઈબ્રાહીમશા બાનવા તેમને સારી કામગીરી બદલ સન્માન પત્ર આપી અને બિરદાવ્યા હતા ત્યારે તેમણે શું કામગીરી કરી છે તે જોઈયે ગીર સોમનાથ જિલ્લાના ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ઓ.જી. લગત કામગીરી અંગે પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત મળેલ કે, વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના નં.૧૧૧૮૬૦૦૯૨૪૦૫૪ ૯/૨૦૨૪ પ્રોહિ એક્ટ કલમ-૬૫(ઈ) મુજબના કામના નાશતા ફરતો આરોપી ગોવિંદ ઉર્ફે ગોયો જાદવભાઈ સોલંકી ઉવ-૩૦ રહે-ઉના જી.ગીર સોમનાથ વાળો ઉના ટાવર ચોક પાસે હોવાની બાતમી હકિકત આધારે સદરહું આરોપીને પકડી લઇ બી.એન.એસ.એસ. કલમ-૩૫(૧) મુજબ કાર્યવાહી કરી ઉના પોલીસ સ્ટેશન સોપી આપેલ હોય. આમ, નાશતા ફરતા આરોપીને પકડી પાડી પ્રશંસનિય અને શ્રેષ્ઠ કામગીરી કરેલ છે.

ત્યારે તેનું બીજું કામ સુરતના વરાછા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં.૧૧૨૧૦૦૬૦૨૪૧૮૪૯ બી.એન.એસ. અધિનિયમ-૨૦૨૩ ની ક.૩૦૮(૨),૧૧(૨),૩૫૧(૨) કામે પકડવાનો બાકી નાસતો-ફરતો આરોપી જયદિપભાઈ મેરૂભાઈ વાળા રહે.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી વાળાને ઉપરોકત ગુનાના કામે પકડી મજકુર ઈસમને બી.એન.એસ.કલમ ૩૫(૧)(જે) મુજબ કાયદેસર કાર્યવાહી કરી ઉના પોલીસ સ્ટેનને સોપી આપેલ. જે પ્રશંસનિય અને શ્રેષ્ઠ કામગીરી કરેલ છે. તેમની આ બંને કામગીરીને લઈને ગીર સોમનાથ પોલીસ વડા દ્વારા તેમને સન્માન પત્ર આપી અને બિરદાવ્યા હતા.

# ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના

ગુજરાત સરકાર દ્વારા નાગરીકો ને અપાતા જુદાં જુદાં દાખલાઓ, સર્ટિફિકેટ,તથા સરકારી યોજનાઓ નાં લાભો એક જ જગ્યાએ ટુંક સમયમાં મળી જાય તે માટે સેવા સેતુ કાર્યક્રમ ની શરૂઆત કરેલ જે અંતર્ગત દસમા તબબકા નો સેવા સેતુ કાર્યક્રમ ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે યોજાયો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં ઉનાના કાર્યશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને કાર્યક્રમને ખુલ્લો મુકવામા આવ્યો હતો. આ તકે તેઓની સાથે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી વિશાલભાઈ વોરા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ના પ્રતિનિધીશ્રી ભીખાભાઈ કિડેચા, કાંતિભાઈ માળવી, તાલુકા પંચાયતના સદસ્યશ્રી દુલાભાઈ ગુજ્જર, મનીષભાઈ જાલોન્ધરા સહિતના આગેવાનો તેમજ અધિકારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

# મોરબીમાં મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત કબડ્ડી લીગ ટુર્નામેન્ટનો શુભારંભ કરાયો

## ઈન્ટરનેશનલ ખેલાડીઓની ઉપસ્થિતિમાં આણંદ અને ખેડાની ટીમ વચ્ચે કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીમાં જોધપર ખાતે કૃષિ અને પશુપાલન કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા આયોજિત કબડ્ડી લીગ ટુર્નામેન્ટ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિત સમગ્ર ટીમને ખુબ સરસ આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ જણાવ્યું હતું કે, વિવિધ ભાતીગળ રમતોએ આપણી ભારતની પ્રાચીન પરંપરા રહી છે. કબડ્ડી જેવી જૂની રમતોમાં આપણા યુવાનો આગળ આવે તે માટેનો આ શ્રેષ્ઠ પ્રયાસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રમત અને રમતવીરોને પ્રોત્સાહન આપવાની નીતિ થકી આજે દેશના ખેલાડીઓએ ભારતને ઓલમ્પિકમાં ૫૦ થી વધુ મેડલ અપાવ્યા છે. આ પ્રસંગે મંત્રીએ તમામ ખેલાડીઓને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યના યુવાનોને પ્રોત્સાહન મળે તે માટે ટંકારા-પડધરી ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા મોરબીમાં કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન-જોધપર ખાતે ગુજરાત કબડ્ડી લીગ સાથે કબડ્ડી લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો કૃષિ અને પશુપાલન, ગૌ સંવર્ધન અને ગ્રામ ગૃહ નિર્માણ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. મંત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ટોસ ઉછાળી આણંદ અને ખેડાની ટીમ વચ્ચે કબડ્ડી ટુર્નામેન્ટ મેચનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. બંને ટીમના ખેલાડીઓએ ઉત્સાહભેર કબડ્ડી લીગમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે



ઈન્ટરનેશનલ ખેલાડી નીતુ રેગી, સાક્ષી કુમારી અને પિંકી રોય, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, કાંતિભાઈ અમૃતિયા, જીતુભાઈ સોમાણી, મોરબી તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ દેસાઈ, જીલ્લા પંચાયતના ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના ચેરમેન અજયભાઈ લોરીયા, કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવનના ટ્રસ્ટી જયંતિભાઈ પટેલ સહિત મહાનુભાવો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર રોડ પર દારૂ ભરેલી રીક્ષા સાથે બેલડીને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર શહેરના જામનગર રોડ પર ક્રાઇમ બ્રાંચની ટીમે દા ભરેલી રીક્ષા ઝડપી લીધી હતી. પોલીસે રિક્ષામાંથી પિયા ૮૬,૪૦૦ નો દાનો જથ્થો કબજે કરી રાજકોટના મોરબી રોડ પર રહેતા શખસ અને એક રાજસ્થાની શખસને ઝડપી લીધો હતો. યારે પૂછતાછમાં રાજકોટના અન્ય એક શખસનું નામ ખુલ્યું હતું. પોલીસે દાનો આ જથ્થો અને રીક્ષા સહિત પિયા ૨.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કરી અન્ય આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દાના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા અને એમ.એલ ડામોરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.એન. પરમાર તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન એએસઆઇ હરદેવસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલ અને અર્જુનભાઈ ડવને મળેલી બાતમીના આધારે જામનગર રોડ પર ડા પોસ્ટ ઓફિસ પાસે એક શંકાસ્પદ રિક્ષાને અટકાવી હતી. પોલીસે આ રીક્ષામાં તપાસ કરતા ઓફિસર ચોઈસ ક્લાસિક વિસ્કીના ૫૭૬ ચપલા મળી આવ્યા હતા. જેથી પોલીસે રિક્ષામાં સવાર દિનેશ વિજયભાઈ ગોસ્વામી (ઉ.વ ૩૨ રહે. જય જવાન જય કિસાન સોસાયટી શેરી નંબર-૪ મોરબી રોડ) અને જીતેન્દ્ર દેવીલાલ પાલીવાલ (ઉ.વ ૩ ૧ રહે.ખેડી.તા.નાથદ્વારા,રાજસ્થાન)ને ઝડપી લીધા હતા પોલીસે દાનો આ જથ્થો અને રીક્ષા તથા મોબાઈલ સહિત કુલ પિયા ૨,૫૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દાના જથ્થા સાથે ઝડપાયેલા બંને શખસોની પૂછતાછ કરતા આ માલ



રાજકોટના જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતા સાજીદ અલ્લારખાભાઈ લંજાનો હોવાનું માલુમ પડું હતું. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી દિનેશ સામે અગાઉ બી ડિવિઝનમાં દાનું ગુનો નોંધાઈ ચૂક્યો છે. યારે જીતેન્દ્ર સામે રાજકોટના ડીસીબી,બી ડિવિઝન અને તાલુકા પોલીસ સ્ટેશન તેમજ ચિલોડા, શામળાજી પોલીસ સ્ટેશનમાં મળી દાના કુલ સાત ગુના નોંધાઈ ચૂક્યા છે. તેમજ અન્ય આરોપી સાજીદ સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં દાના બે ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું માલુમ પડું છે. પોલીસે આરોપી સાજીદને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મહાપાલિકાના આઈ. સી. ડી. એસ. વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રો ખાતે પુર્ણા દિવસની ઉજવણી કરાઈ




રાજકોટ મહાનગરપાલિકાના આઈ. સી. ડી. એસ. વિભાગ દ્વારા ઘટક ૧, ૨ અને ૩ની વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે ઓક્ટોબર માસના ચોથા મંગળવાર (તા.૨૨/૧૦/૨૦૨૪)ની થીમ, ન્યુટ્રિશન મેપ અંતર્ગત પુર્ણા દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને છઈજઉ ટીમ દ્વારા ન્યુટ્રિશન વિશે સમજ, પુર્ણા કન્સલ્ટન્ટ દ્વારા ખાદ્ય પદાર્થોના મેપ બનાવી કિશોરીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. પુર્ણા દિવસની ઉજવણીમાં કિશોરીઓને ન્યુટ્રિશન કીટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. પૂર્ણા દિવસની ઉજવણી રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશ્નરશ્રી સ્વપિનલ ખરે, ઈંઈઉજવિભાગના ચેરમેનશ્રી દિલીપભાઈ લુણાગરીયા અને પ્રોગ્રામ ઓફિસરશ્રી શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

# RMCનું આધારકાર્ડ સેન્ટર બન્યું નિરાધાર : તમામ ૧૮ ઓપરેટર સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળીના તહેવાર આડે ગણતરીના દિવસોમાં જ બાકી છે. રાજકોટ મહાપાલિકામાં આધારકાર્ડ સેન્ટરના તમામ ૧૮ ઓપરેટરોને એક સાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. સસ્પેન્શનની કાર્યવાહીથી રાજકોટ શહેરી વિસ્તારમાં આધારકાર્ડની કામગીરી સંપૂર્ણ બંધ થઈ જશે. મહિના પહેલા નાના બાળકો અને તેના પિતાની કરવામાં આવેલી એન્ટ્રીમાં મોટાભાગની અરજી મીસમેચ થઈ હતી. ગત મહિને આવી અરજીનો આંકડો મહાપાલિકા વિસ્તારની ૪૧૨૯ હોવાના કારણે સાગમટે એકસાથે ૧૮ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવતા ઓપરેટરોમાં ફફડાટ ફેલાઈ જવા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

પામ્યો છે. નવાઈની વાત તો એ છે કે, જૂની કલેક્ટર કચેરીમાં આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં પણ છ મહિના પહેલા આધારકાર્ડની એક કીટ મુકવામાં આવી હતી. શહેરી વિસ્તારના લોકો માટે આ સવલત ઉભી કરવામાં આવી હતી. પરંતુ આ ઓપરેટરને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવતા શહેર વિસ્તારમાં કુલ ૧૯ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેથી રાજકોટ શહેરમાં હવે આધારકાર્ડની કામગીરી બંધ થતા. લોકોને પોસ્ટ ઓફિસ, સરકારી બેંકોના પક્કા ખાવા પડશે. છેલ્લા કેટલાય સમયથી આધારકાર્ડના સર્વરમાં ટેકનિકલ ક્ષતિ છે. આ માટે કલેક્ટર સહિતના અધિકારીઓ દ્વારા ગાંધીનગર અને મુંબઈમાં રજૂઆત કરવામાં આવી હતી. આધારકાર્ડ માટે આવતી અરજી સબમીટ થવાના બદલે સીપી જ એરર આવી જતી હોય અને અરજી રિજેક્ટ પાય છે. આવી ઢગલાબંધ કરિયાકો છે. તેના કારણે અમુક આધાર કેન્દ્રો ખાતેનો રોજ અરજદારોની લાંબી લાઈનો લાગે છે. ઘણી જગ્યાએ તો મારામારી પણ થાય છે. મહાનગરપાલિકા વિસ્તારમાં આધારકાર્ડ માટે ઓપરેટરોના ફિંગર પ્રિન્ટ સાથેની આઈ.ડી. શરૂ કરવામાં આવી હતી. તે આઈ. ડી અને ઓપરેટરોને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહાપાલિકાના તમામ ૧૮ ઓપરેટર સસ્પેન્ડ થતા આ કામગીરી બંધ થઈ જનાર છે. આજે મુંબઈ રિઝનલ કચેરી દ્વારા રાજકોટ શહેરના ૧૮ સહિત રાજ્યના ૬૯ ઓપરેટરોના સસ્પેન્શનનો મેઈલ કરી દેવામાં આવતા મહાપાલિકાના અધિકારીઓમાં દોડધામ હું મળી ગઈ છે.

રાજકોટ શહેરમાં આધારકાર્ડમાં સુધારા-વધારા કરવા આવનાર અરજદારોની હેરાનગતિ વધશે. આધારકાર્ડના અધિકારીઓ એવું માને છે કે, ઓપરેટરોને અરજી સબમીટ કરતા આવડતું નથી આથી રજેક્શનનું પ્રમાણ વધતા આધારકાર્ડના ઓપરેટરોને ખાસ તાલીમ પા આપવામાં આવી હતી. છતાં પણ ટેકનિકલ એરર બંધ થઈ ન હતી. તેના કારણે હવે રાજકોટ મહાપાવિધમાં કચેરીમાં પણ સોપો પડી ગયો છે.

# રાજકોટ જિલ્લાનું પ્રાકૃતિક કૃષિ એફ.પી.ઓ બન્યું આત્મનિર્ભર ગૌ પ્રાકૃતિક કૃષિ સમૂહ

## વિવિધ ગામને દત્તક લઈ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અને ખેતીમાં મદદ સુધીની સુવિધા ઉપલબ્ધ કરાવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વર્તમાનમાં રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ઝેરમુક્ત ખેતી છોડી કૃષકોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે વિશેષ તાલીમ અને અન્ય સહાય કરવામાં આવી રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં એક વિશિષ્ટ એફ.પી.ઓ એટલે કે ખેડૂત ઉત્પાદક સંગઠનનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લામાં ૧૦૦% પ્રાકૃતિક ખેતી કરતા રાજકોટના ૧૧ તાલુકાઓના ખેડૂતોએ સહકાર સાધી નસ્રઆત્મનિર્ભર ગૌ-પ્રાકૃતિક કૃષિસ્રસ્ર નામક ખેડૂત સમૂહ એફ.પી.ઓનું નિર્માણ કર્યું છે. આ સમૂહ દ્વારા રાજકોટ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ સમૂહના સાથી અને લોધિકા તાલુકામાં સફળ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી કૃષ્ણરાજસિંહ જાડેજાએ સમૂહ વિશે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, પઆત્મનિર્ભર ગૌ પ્રાકૃતિક સમૂહથ નામ રાખવાનું કારણ એ છે કે, તમામ ખેડૂતો સીધા વપરાશકર્તા સુધી પહોંચે અને પોતાની વસ્તુઓના વેચાણ સાથે આત્મનિર્ભર બને. રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતીની અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન મળે છે. આ માટે અમે અગાઉ લોકમેળામાં પણ પ્રાકૃતિક કૃષિ જાગૃતિ તેમ જ ઉત્પાદનો વિશેની માહિતી આપતી પત્રિકાઓનું વિતરણ કરેલ હતું. આ સમૂહનો મૂળ હેતુ લોકોને ઝેર મુક્ત ખોરાક આપવાનો તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને જોડી તેમના ઉત્પાદનોને લોક ભોગ્ય બનાવવાનો છે. આ ગ્રુપ સમગ્ર ગુજરાત માટે પહેલું મોડેલ ગ્રુપ છે. ફેમિલી ફિઝિશ્યનની જેમ ફેમિલી ફાર્મિંગના કોન્સેપ્ટ સાથે આ સમૂહ આગામી દિવસોમાં પ્રાકૃતિક ખેત ઉત્પાદનોને પ્રોત્સાહન સાથે ઝીરો કેન્સરના લક્ષ્ય તરફ આગળ વધવા પ્રયત્નશીલ છે.

આ અંગે વધુ માહિતી આપતા જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામના સફળ ખેડૂત શ્રી રાજુભાઈ પટોડીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો એકબીજાને પોતે કરતા પ્રાકૃતિક ખેતીના અનુભવોની જાણકારી સાથે એકબીજાને વેચાણમાં અને મૂલ્યવર્ધનમાં પણ મદદ કરશે, સાથે પ્રાકૃતિક ખેતી વિશે વધુ માહિતી અને જાગૃતિ ફેલાવવાનું કામ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, રાજકોટ જિલ્લામાં અનાજ, ફળ અને ઔષધી સહિત તમામ વસ્તુઓ પ્રાકૃતિક ખેતી દ્વારા ઉગાડી શકાય છે તેમજ ઉગે પણ છે ત્યારે આ તમામ ખેડૂતોને જોડીને એક જ પ્લેટફોર્મ પરથી તેમની વસ્તુઓનું વેચાણ કરી શકાય, સાથે જ વધુને વધુ અન્ય ખેડૂતોને આ મુહિમમાં જોડી શકાય તે માટે અનેક ગામ દત્તક લઈ જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી શીખવા માંગતા હોય તેમને આ સમૂહના પ્રાકૃતિક ખેતીના ૬૦ તજજ્ઞો દ્વારા પ્રાકૃતિક ખેતી શીખવવામાં આવશે, તેમજ તમામ પ્રત્યક્ષ માર્ગદર્શન, નિદર્શન સાથે સંપૂર્ણ સહકાર આપવામાં આવશે. આ અંગે વધુ વ્યાપ માટે અમે જ્યાં પ્રત્યક્ષ નથી પહોંચી શકતા ત્યાં ટેલિગ્રામ મીટીંગ દ્વારા પણ ખેડૂતોની બેઠક યોજી તેમને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન આપીએ છીએ. વધુમાં હવે તાલુકાઓનુ પણ અલગ ગ્રુપ બનાવીએ છીએ જેથી તેમને ત્યાંની સ્થિતિ પ્રમાણે માર્ગદર્શન આપી શકાય.

# રાજકોટ જિલ્લાના ૬ સહિત રાજયના ૮૬ મામલતદારોની બદલી : ૧૦૮ને બઢતી

## રાજકોટ પશ્ચિમ, જામકંડોરણા, લોધીકા, ઉપલેટા, ધોરાજી સહિતના મામલતદારોના ઓર્ડરો

**મુખ્ય સમાચાર,રાજકોટ**


પ્રકાશ પર્વ દિપાવલીના તહેવારના આડે હવે માત્ર પાંચ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજયના મહેસુલ વિભાગે રાજકોટ શહેર જિલ્લાના ૬ સહિત રાજયના ૮૬ મામલતદારોની બદલીનો ઘાણવો કાઢ્યો છે. તેની સાથોસાથ ૧૦૮ જેટલા નાયબ મામલતદાર કે જેઓ લાંબા સમયથી પ્રમોશનની પ્રતિક્ષા કરી રહ્યા હતા. તેઓની બઢતીના ઓર્ડરો પણ ઈસ્યુ કરી દેવામાં આવેલ છે.

રાજયના ૮૬ મામલતદારોની સામુહિક બદલીના ઓર્ડરો ઈસ્યુ કરાયા છે તેમાં રાજકોટ પશ્ચિમ વિભાગના મામલતદાર તરીકે ફરજ બજાવતા મહેશ શુકલાની માણાવદરના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આવી જ રીતે પડધરી મામલતદાર કૃષ્ણકુમારસિંહ ચુડાસમાને ધારી તાલુકા મામલતદારની જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે જામકંડોરણા મામલતદાર તરીકે ફરજ બજાવતા કે.બી.સાંગાણીને લીલીયા, લોધીકા તાલુકા મામલતદાર તરીકે ફરજ બજાવતા દિનેશકુમાર ભાડને ગાંધીનગર રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં મુકવામાં આવેલ છે.

તેમજ ઉપલેટા મામલતદાર એમ.ટી.ધનવાણીની બદલી કરી તેઓને મોરબી રૂરલના મામલતદારની જવાબદારી સોંપવામાં આવી છે. ધોરાજીના મામલતદાર અલ્પેશ જોષીની બદલી કરી તેઓને વડોદરા શહેર મામલતદાર તરીકે પોસ્ટીંગ આપવામાં આવેલ છે. આ ઉપરાંત માંગરોળના રાજેશ પરમારની અમદાવાદ, પાલીતાણાના કમલેશ વાણંદની અમદાવાદ, લીલીયા મામલતદાર જેરામભાઈ દેસાઈની આરટીઓ રીકવરી મામલતદાર અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે.

જયારે ઉમરાળાના મામલતદાર પ્રશાંતકુમાર ભીંડીની બગસરા, ધ્રાંગધ્રા તાલુકા મામલતદાર મહેશ ગોહેલની વડીયા (અમરેલી), ગઢડા મામલતદાર સી.એ.રાવલની આણંદ, મેંદરડા મામલતદાર કિશન ચંદાલીયાને ભાવનગર, ચોટીલા મામલતદાર વસંતકુમાર પટેલની કાકરેજ, ભાવનગર સીટી મામલતદાર વિજયકુમાર ભારાઈની દાહોદ, વાંકાનેર મામલતદાર યુ.વી.કાનાણીની કલોલ, ધ્રોલ મામલતદાર કુમારી ટી.બી.ત્રિવેદીની કાલાવડ, માણાવદર મામલતદાર કે.જે.મારૂની જામનગર, પ્રોટોકોલ મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત વંથલીના મામલતદાર અશોક ગોહેલની માતર (ખેડા), વડીયા મામલતદાર મનહરસિંહ સોલંકીની પીઆરઓ ખેડા, મોરબી જિલ્લામાં ડિઝાસ્ટર મામલતદાર તરીકે ફરજ બજાવતા જે.એસ.સિંધીની ગાંધીધામ કચ્છ, તળાજા મામલતદાર આશીષ બખલકીયાને રાપર કચ્છ મુકવામાં આવેલ છે. જયારે એસ.ઓ.યુ. નર્મદા ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા ભીખાભાઈ કોટકપરાને જામકંડોરણા, લાલપુર મામલતદાર કેતન ચાવડાને રાજકોટ ઈલેકશન વિભાગમાં, બાબરા મામલતદાર જે.ડી.જાડેજાને રાજકોટ, મોરબી રૂરલ મામલતદાર નિખિલ




મહેતાને પીઆરઓ તરીકે તેમજ ટંકારા મામલતદાર કેતન સખીયાને પડધરી સહિતના ૮૬ મામલતદારોની બદલીનો ઓર્ડરો ઈસ્યુ કરી લીધા છે. દિપાવલી પૂર્વે જ મહેસુલ વિભાગ બદલીનો ઘાણવો કાઢતા અધિકારીઓમાં કચવાટ જાગેલ છે. રાજયના ૮૬ મામલતદારોની બદલીની સાથોસાથ મહેસુલ વિભાગ દ્વારા હંગામી ધોરણે ૧૦૮ જેટલા કર્મચારીઓને મામલતદાર સંવર્ગ-રમાં બઢતીના હુકમો પણ ઈસ્યુ કરતા બઢતી મેળવનાર આ કર્મચારીઓમાં હર્ષની લાગણી ફરી વળી છે. જેમાં ગીર સોમનાથ ખાતે ફરજ બજાવતા અજીતકુમાર જોષીને બઢતી આપી તેઓને રાજકોટ પશ્ચિમ વિભાગના મામલતદાર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

# આગામી તા.૨૭થી 31 દરમિયાન રાજકોટ દિવાળી ઉત્સવ રેસકોર્ષ ખાતે યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનો તા.૨૭/૧૦/૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ વાગ્યે આર.એમ.સી.પ્લોટ, આમ્રપાલી અન્ડરબ્રિજ પાસે, કિશાનપરા ચોક, રેસકોર્ષ ખાતે રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે થશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી સુરેન્દ્રસિંહ વાળાએ એક સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે, રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે. જુદા જુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણ વધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા તા.૨૭ થી તા.૩૧ દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં, એન્ટ્રી ગેઈટ, આકર્ષક થીમ બેઈઝ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા, લેસર શો સહિતના વિશેષ આકર્ષણોનો રહેશે.

રંગીલું રાજકોટ દરેક ઉત્સવ અને અન્ય અવસરની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે ખુબ જ જાણીતું છે. મકરસંક્રાંતિ, ધુળેટી, જન્માષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રિ કે પછી દિવાળી જેવા આપણા મહાપર્વ



હોય કે પછી સામાજિક કે સાંસ્કૃતિક પ્રસંગ હોય, રાજકોટવાસીઓનો તહેવારોની ઉજવણી પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ ખરેખર નોંધપાત્ર બની રહે છે. આ જ કારણ રાજકોટને રંગીલું અને અન્ય શહેરો કરતા અલગ બનાવે છે, તેમ જણાવી રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અનુસંધાને યોજાનાર કાર્યક્રમો અંગે વિસ્તૃત વિગતો આપતા તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭ થી તા.૩૧ દરમ્યાન રેસકોર્ષ રિંગરોડ ફરતે આકર્ષક થીમ બેઈઝ લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવશે જેમાં મુખ્ય આકર્ષણ તરીકે આકર્ષક એન્ટ્રી ગેઈટ તેમજ બહુમાળી ભવન ચોક ખાતે લેસર શોનું પણ આયોજન કરવામાં આવેલ છે જે નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

વધુમાં તા.૩૦ના રોજ આતશબાજી કાર્યક્રમમાં અવનવા ફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી નિહાળવા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાય અને શહેરીજનો આ કાર્યક્રમ નિહાળવામાં કોઈ અગવડ ન પડે તે હેતુસર, કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવા, તડામાર તૈયારીના ભાગરૂપે ગત તા.૨૪/૧૦/૨૦૨૪ ગુરૂવારના રોજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ તથા આ કામની સંબંધિત એજન્સીનાં પ્રતિનિધિઓને સાથે રાખીને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ કાર્યક્રમ સ્થળની મુલાકાત લીધી હતી. જે મુલાકાત દરમ્યાન ડાયસ કાર્યક્રમ, મંડપ, સાઉન્ડ, બેરીકેટીંગ વી.વી.આઈ.પી/વી.આઈ.પી. તથા જનરલ બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, સુરક્ષા બંદોબસ્ત, એન્ટ્રી ગેઈટ, ફાયર ફાઈટર, મેડીકલ ટીમ તથા અન્ય આનુસાંગિક વ્યવસ્થા અંગે રીવ્યુ કરવામાં આવ્યું અને અધિકારીઓ તથા એજન્સીના પ્રતિનિધિઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી.

આ રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત આયોજીત વિવિધ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જીલ્લા કલેકટર પ્રભવ જોશી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, અધિકારીઓ-કર્મચારીઓ, પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ તથા ચિત્રનગરીના જીતુભાઈ ગોટેચા અને તેની સમગ્ર ટીમ, જાણીતા લેખક જય વસાવડા, વગેરે ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળીના તહેવારો અનુસંધાને યોજવામાં આવેલ રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવના આ તમામ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાવા રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા રંગીલા રાજકોટવાસીઓને નિમંત્રણ પાઠવે છે.

# ફટાકડા ફોડવા એ આર્થિક આધ્યાત્મિક તથા આરોગ્ય દ્રષ્ટિએ નુકસાનકારક : મનોજ ડેલીવાલા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ફટાકડા ફોડવાથી આર્થિક, આરોગ્ય, આધ્યાત્મિક એમ દરેક પ્રકારે નુકસાન થાય છે. કાળઝાળ મોંઘવારીમાં અમુક લોકોને બે ટાઈમ પૂરૂ ખાવાનું પણ મળતું નથી,શરીર ઢાંકવા પૂરતાં વસ્ત્રો પણ મળતાં નથી,શાંતિથી સૂવા પણ મળતું નથી.અનેક લોકો રેલ્વે અને બસ સ્ટેશને તો કયારેક ફૂટપાથ ઉપર ભૂખ્યા તરસ્યા પડ્યા રહે છે.હજારો રૂપિયાનો ધૂમાડો કરતાં પહેલાં આવા જરૂરીયાતમંદ લોકોનો પણ વિચાર કરજો.આરોગ્યની દ્રષ્ટિએ ફટાકડાના ઝેરી ધૂમાડાથી શ્વાસ અને ફેફસાની ગંભીર બિમારીઓ પણ થઈ શકે છે...!

પ્રદુષણ ફેલાઈ છે આજ કારણે દિલ્હીમાં પ્રતિબંધ પણ મુકાયેલ છે.ફટાકડાના અવાજથી બિચારા બાપડા અબોલ પશુઓ ભયભીત થઈ જાય છે. કબૂતર,ચકલી વગેરે પંખીઓ જીવ બચાવવા અંધારામાં ઈલેકટ્રીક તારમાં અથડાઈ - ફસાઈ અને મરી જાય છે.ફટાકડાની એ ફૂલઝર કે ભમ ચકરડી હજારો કીડી - મકોડા,પતંગિયાના પ્રાણ હરી લે છે.એ બિચારા જીવો પાસે આપણી જેમ વાચા નથી કે કાંઈ બોલી શકે.

મનોજ ડેલીવાળા જણાવે છે કે દીપાવલીનો દિવસ એટલે અનંત ઉપકારી ચરમ અને પરમ તીર્થંકર પરમાત્મા પ્રભુ મહાવીરનો નિર્વાણ દિવસ.જૈનો તો પ્રાય : કરી ફટાકડા ફોડતા જ નથી..! ઘરના કોઈ સભ્ય પરલોકે પ્રયાણ કરે તો ફટાકડા થોડા ફોડાય...? આ તો *આપણા શાસનપતિ પ્રભુ મહાવીરનો નિર્વાણ



મહોત્સવ... દીપાવલીના પાવન દિવસે તો અનેક આત્માઓ પૌષધ વગેરે કરી તપ - ત્યાગમાં રત રહે છે. વીર સ્તુતિ નસ્ર પુચ્છિસૂણં નસ્ર ના રણકાર ગૂંજતા હોય છે. દિપાવલી - મહાવીર નિર્વાણના દિવસે આત્માને પાંચ ઈન્દ્રિયના વિષય અને અઢાર પાપોથી દૂર રાખવા પ્રયત્નશીલ બનવાનું તેમ જ્ઞાની ભગવંતો ફરમાવે છે. પાપથી પાછા વાળે તેને પર્વ કહેવાય તેમ મનોજ ડેલીવાળાએ જણાવ્યું છે

# રાજકોટ ડિવિઝનના દિવ્યાંગ કર્મચારી દેવેન્દ્ર યાદવે એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪ માં જીત્યા બે મેડલ



પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનના દિવ્યાંગ કર્મચારી શ્રી દેવેન્દ્ર યાદવે તાજેતરમાં મુંબઈમાં યોજાયેલા ટઈઈ એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪માં બે મેડલ જીતીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. શ્રી દેવેન્દ્ર યાદવ હાલ રાજકોટમાં કેરેજ અને વેગન ડેપોમાં હેલ્પર તરીકે કામ કરે છે. તેણે ટઈઈ એશિયન પેરા આર્મ રેસલિંગ કપ ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરીને પેરા આર્મ રેસલિંગ (પંજા કુસ્તી) માં જમણા હાથની સ્પર્ધામાં સિલ્વર મેડલ અને ડાબા હાથની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને રેલ્વેનું નામ રોશન કર્યું છે. યાદવે મુશ્કેલ સંજોગોમાં પણ પોતાની મહેનત અને સમર્પણથી આ સ્થાન હાંસલ કર્યું છે. શ્રી દેવેન્દ્ર યાદવ એક પ્રતિભાશાળી ખેલાડી છે જેઓ આર્મ રેસલિંગમાં ૪ વખત રાષ્ટ્રીય કક્ષાએ અને ૬ વખત રાજ્ય કક્ષાએ મેડલ જીતી ચૂક્યા છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે દેવેન્દ્ર યાદવને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે તેમની આ સિદ્ધિ તમામ ખેલાડીઓ માટે નવી પ્રેરણારૂપ છે. શ્રી અશ્વિની કુમારે આશા વ્યક્ત કરી કે શ્રી દેવેન્દ્ર યાદવ આ ઉંચી ઉડાન ચાલુ રાખે અને ભવિષ્યની તમામ સ્પર્ધાઓમાં વધુ સફળતા હાંસલ કરે. યાદવની આ સફળતાએ સાબિત કર્યું છે કે સખત મહેનત અને દૃઢ નિશ્ચયથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેમની સિદ્ધિએ રેલવેને ગૌરવ અપાવ્યું છે અને નવા ખેલાડીઓ માટે પ્રેરણાના સ્ત્રોત બનવાનું કામ કર્યું છે.

# શ્રી ખોડલધામ મંદિરે સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે એસ્કેલેટર સુવિધાનો પ્રારંભ

## શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર્શનાર્થીઓ માટે સુવિધામાં વધારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રી ખોડલધામ મંદિરે આવતા દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરમાં અનેકવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેમાં વધુ એક સુવિધાનો ઉમેરો થયો છે. શ્રી ખોડલધામ મંદિરે દર્શન કરવા આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ જેઓ પગથિયા ચડી શકવા સક્ષમ ન હોય તેમના માટે એસ્કેલેટરની સુવિધા શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૫ ઓક્ટોબરના રોજ ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં એસ્કેલેટર સુવિધાના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. આ સુવિધા શરૂ થવાથી મંદિરે આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ કોઈપણ મુશ્કેલી વિના મંદિરે ઉપર જઈને દર્શન કરી શકશે.



મહત્વનું છે કે, શ્રી ખોડલધામ મંદિરે આવતા સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓ માટે મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વારથી મંદિર સુધી જવા માટે નિઃશુલ્ક ઈ-રિક્ષા અને વ્હીલચેરની સુવિધા આપવામાં આવી રહી છે. જેનો દરરોજ હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ત્યારે હવેથી મંદિરે ઉપર સુધી જવા માટે પણ એસ્કેલેટરની સુવિધા શરૂ થતાં સિનિયર સિટીઝન અને દિવ્યાંગ દર્શનાર્થીઓમાં ખુશી જોવા મળી રહી છે અને દર્શનાર્થીઓ આ સુવિધા બદલ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો આભાર વ્યક્ત કરી રહ્યા છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

